No. of Printed Pages : 5 **FGT-01**

# BDP – Bachelor's Degree Programms

## Term-End Examination

## June, 2023

### FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Duration : 2 Hours* *Maximum Marks: 50*

છાપવામાં આવેલ પૃષ્ઠોની સંખ્યા : 5 **એફજીટી – 01**

## બીડીપી – બેચલર્સ ડિગ્રી પ્રોગ્રામ્સ (સ્નાતક પદવી કાર્યક્રમો)

## ટર્મ–એન્ડ એકઝામિનેશન (સત્રાંત પરીક્ષા)

## જૂન – 2023

### એફજીટી – 01 : ગુજરાતીમાં ફાઉન્ડેશન કોર્સ (આધારભૂત અભ્યાસક્રમ)

સમય : *2* કલાક મહત્તમ અંક : 50

---

**નોંધ :** 1. આ પ્રશ્નપત્રમાં કુલ સાત (7) પ્રશ્નો આપવામાં આવ્યા છે.

2. બધા પ્રનોના ઉત્તરઆપવાના છે.

---

P. T. O.

1. નીચેના વિષયોમાંથી ગમે તે <u>એક</u> પર નિબંધ લખો. 8

(a) 2020-22 ની વૈશ્વિક મહામારી

(b) પ્લાસ્ટીકની પારાયણ

(c) લોકશાહી અને ચૂંટણી

(d) આત્મનિર્ભરતા

2. નીચેનામાંથી કોઈ પણ <u>ચાર</u> પ્રશ્નોના ઉત્તર આપો. 8

(a) ધર્મને નામે ચાલતી કઈ વાતો વિજ્ઞાનને માન્ય નથી? શા માટે?

(b) દલુચંદે હેતીની લાચારીનો શો લાભ લીધો?

(c) સમતાની ભૂમિકા ઉપર જ મૈત્રીભાવના ઉત્તમ રીતે ખીલે છે – તમારા વિચારો દર્શાવો.

(d) શહેરોનાં મંદિરો પર લેખકે કરેલો કટાક્ષ જણાવો.

(e) આ જન્મ સંબંધ તો ૠણાનુબંધની ૠજુ ગરવી કવિતા છે – સ્પષ્ટ કરો.

(f) દેશની મૂડી એટલે શું? તે કઈ રીતે વધી શકે?

3. (a) નીચે આપેલા વાક્યોનાં અર્થવાળી કહેવતો જણાવો. 6

(1) દૂર હોય તો બધું સારું લાગે.

(2) આનુવંશિક રીતે શક્તિ, પ્રતિભા દર્શાવનારને બહારની કોઈ મદદની જરૂર પડતી નથી.

(3) ખોટી મહેનત કરવી.

(4) ઇચ્છા હોય તો બધું જ થઇ શકે.

(5) કામ કોઈ બીજું કરે અને એનું ફળ કોઈ અન્ય ભોગવે.

(6) કારણ વિના ખોટી ધાંધલ ધમાલ કરવી.

(b) કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ લઇ વાકયની ખાલી જગ્યા ભરો. 4

(i) જે ધ્વનિઓ શબ્દોમાં અરસપરસની અદલાબદલીથી ભાષામાં અર્થભેદ કરે છે તેમને ------- કહે છે.

(સ્વર, ધ્વનિસંકેત, વ્યંજન)

(ii) સુમેરમાં આડી, ઊભી અને ત્રાંસી રેખાઓથી બનેલાં લિપિચિહ્નોને ------- તરીકે ઓળખવામાં આવે છે.

(બ્રાહ્મી અક્ષર, ખરોષ્ટી અક્ષર, કીલાક્ષર)

(iii) મધ્યકાલીન ભારતમાં રાજસત્તાનાં આધાર વિના લોકઘડતરનું કામ ખાસ કરીને -------- કર્યું.

(વિદ્યાપીઠોએ, સંત–કવિઓએ, અનુવાદકોએ)

(iv) બ્યુટાડાઈન અને સ્ટાયરીનમાંથી કૃત્રિમ ------ બનાવી શકાય છે.

(રબર, પાઈપ, પોલીથીલીનપ્લાસ્ટિક)

4. નીચેનામાંથી ગમે તે બે વિષે ટૂંકનોંધ લખો. 6

(a) કાળુનું પાત્રાલેખન

(b) ચીપકો આંદોલન

(c) નાદતંત્રી

5. નીચેના કથનો સમજાવો. 8

(a) ભારતીય સંસ્કૃતિ વનોના પારણાંમાં ઊછરી છે.

(b) રિવાજના કૂવામાં તરવું સારું છે, ડૂબવું આત્મહત્યા છે.

(c) સત્યનિષ્ઠા એ વિજ્ઞાનનું હાર્દ છે.

(d) ચોરો એ કંઈ માટીની ચાર દીવાલોનું માત્ર છાપરું નથી.

6. રેખાંકિત શબ્દને ધ્યાનમાં રાખી તેના પરથી બીજો શબ્દ બનાવી વાકયની ખાલી જગ્યા ભરો. 4

(i) બાળકો ભોળાં હોય છે તેથી -------માં તેઓ બધું બતાવી દે છે.

(ii) દરિયાનું પાણી ખારું છે. તેની ------- ને લીધે તેનું પાણી પી શકાતું નથી.

(iii) વિદ્યાર્થીઓ સારી રીતે <u>ભણે</u> તો તેઓનું -------- દીપી ઊઠે છે.

(iv) તેઓ સારું <u>લખે</u> છે તેથી તેમનું -------- વાંચવા લાયક હોય છે.

7. નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી વાકયમાં ઉપયોગ કરો. (કોઈપણ 3) 6

(a) વાત ગળી જવી

(b) રવાડે ચડવું

(c) ધૂળ કાઢવી

(d) છેડો ફાડવો

(e) ગળે પડવું